# પ્રેસનોટ

## રામોલ પોલીસ સ્ટેશન

### જુગાર રમતા ઈસમો પર રેડ કરી કુલ-૫ જુગારીઓને રૂ. ૩૪.૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરતા રામોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પો.કમી. શ્રી સેકટર-૨ તથા ના.પો.કમી.શ્રી ઝોન-૫, તથા મ.પો.કમી.શ્રી આઇ ડીવીજન નાઓએ હાલમા ચાલતા શ્રાવણ માસ અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાલતી દારૂ અને જુગારની પ્રવૃતી સદંતર નેસ્તનાબુદ કરવા આપેલ સુચના અનુસંધાને અમોએ બાપા સીતારામ ચોક પો.ચોકીના આસી.સબ.ઈન્સ. દિનેશભાઈ મણીલાલ બ.નં.૭૫૦૩ નાઓને આવી પ્રવૃતી મળી આવે કાયદેસર કાર્યવાહી કરવા અંગે આપેલ સુચના અનુસંધાને પો.ચોકીના અન્ય સ્ટાફના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. જે દરમ્યાન રામોલ ગામ ત્રણ રસ્તા આવતા સાથેના પો.કો.ગીગાભાઈ થાથાભાઈ બ.નં.૧૦૩૨૫ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે રામોલ રોડ પરીશ્રમ એસ્ટેટમા આવેલ શેડ નં. ૪૩ સામે ખુલ્લી જગ્યામા વાહનોની આડમા જાહેરમા પંચો તથા સ્ટાફના માણસો સાથે રેઈડ કરતા જાહેરમા જુગાર રમતા કુલ-૫ ઈસમોને જુગાર રમવાના સાધનો રોકડ રૂ.૧૫૦૦૦/- તથા મો.ફોન નંગ-૪ જેની કિ.રૂ.૧૯૦૦૦/- મળી કુલ્લે રૂ.૩૪.૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

તા.૧૮/૦૮/૨૦૧૯

(કે.એસ.દવે)
સીની.પોલીસ ઈન્સ્પેક્ટર
રામોલ પો.સ્ટેશન
અમદાવાદ શહેર